07 ડિસેમ્બર, 2007

**આરબીઆઇ જાહેર જનતાને સસ્તુ વિદેશી ભંડોળ મેળવી આપતી લોભામણી જાહેરાતો / પ્રસ્તાવો સામે ચેતવે છે.**

ભારતીય રિઝર્વ બેંક જાહેર જનતાને ભારતમાં વિદેશી સંસ્થાઓ દ્વારા ભારતીય બેંકો / ભારતીય રિઝર્વ બેંક ખાતે સસ્તુ વિદેશી ભંડોળ મેળવવાની લોભામણી જાહેરાતો / પ્રસ્તાવોનો ભોગ ન બનવા અંગે ચેતવે છે. જાહેર જનતાએ આવા કોઇ પણ અજાણ્યા પ્રસ્તાવ / યોજનામા નાણાં રોકી / આપીને તેમા ભાગ ન લેવોં.

આવા પ્રકારના પ્રસ્તાવોની વિગત જણાવતા ભારતીય રિઝર્વ બેંક જણાવે છે કે કેટલીક વિદેશી સંસ્થાઓ / વ્યક્તિઓ કે જેમાં ભારતીય નાગરિકો પણ તેના પ્રતિનિધિ તરીકે કાર્ય કરતા હોય, ભારતીય નાગરિકો / સ્કુલો / હોસ્પીટલ્સ વગેરે સંસ્થાઓને કાગળ / ઇ-મેઇલ દ્વારા ખુબ જ મોટું વિદેશી ભંડોળ આપવાની લાલચ આપે છે. એક વખત સંપર્ક સ્થાપિત થઇ ગયા બાદ આવા પ્રસ્તાવો અંતર્ગત વ્યક્તિ / સંસ્થાના બેંક ખાતાઓની વિગત મેળવવામા આવે છે તથા ત્યાર બાદ રકમ મેળવવા માટે તેમની પાસેથી અમુક રકમ ડિપોઝીટ / કમીશન પેટે લેવામાં આવે છે અને તેમને કહેવાય છે કે આવું કર્યા બાદ જ તેમના ખાતામાં વિદેશી ભંડોળની રકમ જમા કરાશે. આ રીતે થોડા સમયથી ભારતીય રિઝર્વ બેંક પાસે ઘણી વ્યક્તિ / સંસ્થાઓ પોતે જીતેલી લોટરીની રકમ મેળવવા ડિપોઝીટ / ફી પેટે ચુકવવા પાત્ર પૈસાની લેવડ દેવડ કરવાની મંજુરી / સ્પષ્ટતા માંગી રહ્યા છે. વધુમાં ભારતીય રિઝર્વ બેંકના ધ્યાનમાં આવેલ છે કે અમુક વ્યક્તિ / સંસ્થા દ્વારા ભારતીય વ્યક્તિઓ / કંપનીઓ / ટ્રસ્ટોને જણાવવામા આવે છે કે તેઓ દ્વારા અપાતું સસ્તુ ભંડોળ ભારતીય રિઝર્વ બેંકના ખાતામાં રાખવામાં આવેલ છે અને ભારતીય રિઝર્વ બેંકની યોગ્ય મંજુરી બાદ તે ભંડોળ તેમને ફાળવવામા આવશે. તેમના આવા દાવાઓ મજબુત બનાવવા માટે આવી વ્યક્તિ / સંસ્થાઓ દ્વારા ખોટા પ્રમાણપત્રો / જમા રસીદો, તેમને રિઝર્વ બેંક દ્વારા આપવામા આવેલ છે, તેમ કહીને રજુ કરવામાં આવે છે. ભારતીય રિઝર્વ બેંકે આજે સ્પષ્ટ કર્યું છે કે 'ફોરેન ઍક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ – 1999' (વિદેશી મુદ્રા પ્રબંધ અધિનિયમ – 1999) હેઠળ કોઇપણ પ્રકારની લોટરી અથવા લોટરી જેવી અન્ય સ્કીમો જેવી કે મની સરક્યુલેશન સ્કીમ / અન્ય ઇનામ / એવોર્ડ જીતવા માટેની સ્કીમોમાં ભરણું ભરવાની સખ્ત મનાઇ છે. ભારતીય રિઝર્વ બેંક આ સાથે સ્પષ્ટતા કરે છે કે તેઓ કોઇપણ વ્યક્તિ / કંપની / સંસ્થાને પૈસા આપવા માટેનુ ખાતું રાખતી નથી.

**જી. રઘુરાજ**
ઉપ મહાપ્રબંધક

પ્રેસ રીલીઝ : 2007-2008/770